શ્રી કૃષ્ણ ગિરધરલાલજીનાં શ્રેષ્ઠ ભક્ત

મીરાંબાઈ

નાટકના ઓપેરા.

વાંકાનેર "આર્યહિતવર્દ્ધક" નાટક કંપની માટે

રચીને પ્રસિધ્ધ કરનાર

રાવલ ત્રંબકલાલ દેવશંકર

વાંકાનેર આ૦ હિ૦ વ૦ ના૦ કંપનીના માલીક.

આવૃતિ સાતમી પ્રત પાંચ હજાર.

શ્રી મહેશ મુદ્રાલય—સુરત.

સંવત ૧૯૬૪ સને ૧૯૦૮

કીંમત રૂ૦ ૦–૨–૦

પાત્રોના નામ.

સુત્રધાર, નટી—નાટયકાર સ્ત્રી પુરૂષ.

કુંભારાણો—મેવાડનો મહારાણો મીરાંબાઇનો પતી.

પ્રધાન—કુંભારાણાનો દીવાન.

જયમલ રાઠોડ—મારવાડમાં આવેલા મેડતાનો રાજા મીરાંબાઇનો પીતા.

શ્રીકૃષ્ણ ગિરધરલાલજી—પરમાત્માનો દ્વાપરમાં થયલો અવતાર.

ગુરૂજી—તિરથવાસી સાધુ સંગના મહન્ત.

મોહનદાસ—તેનો મુખ્ય શિષ્ય.

વિષમસિંહ—કુંભારાણાને ખોટી સલાહ આપી મીરાંબાઇ સાથે વિક્ષેપ પડાવનાર હજુરી.

બાદશાહ—દીલ્લીનો શેહનશાહ.

ઉસ્તાદ—બાદશાહનો માનીતો ઉસ્તાદ.

મહાત્મા તુલસીદાસ—શ્રી રામચંદ્રજીના ભકત.

દીપસિંગ, સરતાનસિંગ—કુંભારાણાના હજુરીઓ.

જીવી ગોસાંઇ—એક મહાત્મા.

મીરાંબાઇ—શ્રી કૃષ્ણ ગિરધરલાલજીનાં શ્રેષ્ટ ભકત મેડતાના રાજા જયમલ રાઠોડની કુંવરી અને કુંભારાણાની રાણી.

રાજરાણી—જયમલ રાઠોડના રાણી મીરાંબાઇની મા.

સુલક્ષણા, સુભદ્રા, મોહીની—મીરાંબાઇની દાસીઓ.

મોટા રાઠોડ—કુંભારાણાનાં માતુશ્રી અને મીરાંબાઇનાં સાસુ.

પદ્માબા—કુંભારાણાના બ્હેન મીરાંબાઇનાં નણંદ.

નવી રાણી—કુંભારાણાની બીજી રાણી હાડાની કુંવરી.

રૂક્ષમણી, જાબુંવતી, સત્યભામા—શ્રી કૃષ્ણ પરમાત્માની પટરાણીઓ. દાસીયો, દરબારીઓ, ચોપદાર, વારાંગના, વડારણો, ભૈયા, ગોપીઓ, ગુગળી વિગેરે વિગેરે.

"શ્રી કૃષ્ણ ગીરધરલાલજીનાં શ્રેષ્ઠ ભક્ત".

મીરાંબાઇ નાટકનો ટૂંક સાર.

અંક પહેલો.

પ્ર. ૧ માં—સુત્રધારની વાતચિતથી વસ્તુ સુચક.

પ્ર. ૨ માં—મીરાંબાઇ પોતાની દાસી સુભદ્રા તથા સુલક્ષણા સાથે રમતમાં શ્રી ગીરધરલાલજીની મુર્તિ બનાવી પારણામાં ઝુલાવે છે. ત્યાં રાણીનું આવવું. અને મીરાંનો શ્રીગીરધરલાલ પ્રત્યે અપુર્વ ભક્તિભાવ જોઇ ખુશી થઇ મહેલમાં શ્રી ગીરધરલાલજીની પુજા છે તેની શેવા કરવા કહેવું.

પ્ર. ૩ માં—ગૌલોકમાં શ્રી કૃષ્ણ પરમાત્મા રૂક્ષમણી રાણી સાથે હીંડોળાપર બિરાજ્યા છે, ત્યાં અષ્ટ પટરાણીઓનું આવવું ત્થા શ્રી કૃષ્ણ પરમાત્માને આનંદ આપવા સંગીતનું ગાવું. શ્રી કૃષ્ણ ભગવાને મીરાંબાઇનો પ્રેમ લક્ષણા ભક્તિના વખાણ કરીને દર્શન દેવા જવું.

પ્ર. ૪ માં—મીરાંબાઇનું સ્વપ્નમાં શ્રી કૃષ્ણ ગીરધરલાલજીની સાથે પરણવું. જયમલ રાઠોડનું મીરાંબાઇની અનન્ય ભક્તિ જોઇ ખુશી થવું. ગુરૂજીનું આવવું. મીરાંને ગુરૂ દીક્ષા દેવી. ત્થા ગુરૂ પાસેથી ગીરધરલાલજીની મુર્તી લેવાનો મીરાંબાઇનો હઠ. વીગેર.

પ્ર. ૫ માં—સુભદ્રા તથા સુલક્ષણાની મીરાંબાઇના લગ્ન સંબંધી વાતચિત્ત. મીરાંબાઇનું ગીરધરલાલજીના દર્શન માટે ઝુરવું. ત્યાં શ્રી કૃષ્ણ ગીરધરલાલજીનું આવવું. અને મીરાંને પ્રત્યક્ષ દર્શન દઇ શાન્તવન કરવું.

પ્ર. ૬ માં—કુંભારાણાના દરબારમાં મીરાંબાઇના લગ્ન સંબંધી કુંકુંમ પત્રી લઇ રાજગોરનું આવવું. ને રાણાજીએ વિષમસીંહને ખાંડુ લઇ મોકલવા. ત્યાર બાદ ઉત્તમ પ્રકારનો પીડલ કસરત સાથે વારાંગનાઓનો નાચ.

પ્ર. ૭ માં—ગુરૂએ શ્રી ગીરધરલાલજીની મુર્તિ મીરાંને આપવી વિસમસીંહનું અપમાન થવાથી ઉસ્કેરાઇ વેર લેવા દ્રઢ નીશ્ચય. સુભદ્રા સુલક્ષણા સાથે મીરાંબાઇનું ચીતોડ તરફ રવાના થવું.

પ્ર. ૮ માં—વિષમસીંહ ત્થા માજીને બહેનના ભરમીવ્યાથી રાણાનું મીરાંબાઇ ઉપર ગુસ્સે થવું, અને કુળદેવીનાં દર્શન કરવા વરઘોડીયાંએ જવું.

પ્ર. ૯ માં—કુળદેવીને નહીં નમવાથી લોકોમાં નીંદ્રા થશે માટે મીરાંબાઇએ. ગીરધરલાલજીની સ્તુતી કરવી, દેવીમાંથી શ્રી ગીરધરલાલજીનું પ્રગટ થવું. કુંભારાણાએ મીરાંને જાદુગારી સમજી ભુતવાળા મહેલમાં રાખવા વિષમસીંહને હુકમ આપવો.

પ્ર. ૧૦ માં—વિષમસીંહ ત્થા મોહીનીની પ્રપંચ ભરેલી વાતો ત્યાં સુભદ્રાનું આવવું. ને તેઓને નીતીમય વાકયનો બોધ કરવો.

પ્ર. ૧૧ માં—ભુતવાળા મહેલમાં મીરાંબાઇનું આવવું ત્યાં શ્રી કૃષ્ણ ગીરધરલાલજીએ આવી ધીરજ આપી જવું. સાસુ નણંદની નીચતા વીગેરે.

અંક બીજો

પ્ર. ૧ માં—વિષમસીંહ અને મોહીનીની પ્રપંચ જાળ મીરાંને ભ્રષ્ટ કરવા મોહનદાસ નામના સાધુને લાલચ આપી મોકલવો.

પ્ર. ૨ માં—રાણાએ મીરાંને પોતાની આજ્ઞા પ્રમાણે વર્તવા સમજાવવું. મીરાંનું નાકબુલ કરવું ત્યાં વિષમસીંહ તથા મોહીનીએ આવી મીરાંનાં મહેલમાં કોઈ પર પુરૂષ છે એમ કહી ઉસ્કેરણી કરવી.

પ્ર. ૩ માં—મીરાંબાઇ તથા શ્રી ગીરધરલાલજીને વાતો કરતાં સાંભળી રાણાનું મીરાંને મારવા આવવું. જેથી મીરાંબાઇના ચાર સ્વરૂપ જોઇ રાણાનું ભાગવું.

પ્ર. ૪ માં—રાણાનું ભયબીત થઇને આવવું અને માજીએ ગુસ્સે થઇને વિષમસીંહની સાથે મીરાંને મારવા ઝેર મોકલવવું.

પ્ર. ૫ માં—કુંભારાણાની નવી રાણી મીરાંબાઇના મતને મળવાથી રાણાનું તેનાપર ગુસ્સે થવું અને માજીએ તે બાબત નવી રાણીને ઠપકો દેવો.

પ્ર. ૬ માં—વિષમસીંહ પોતાના નીચ પરાક્રમની બડાઇઓ હાંકે છે. ત્યાં શ્રીકૃષ્ણ ગીરધરલાલજીએ સાધુના વેષમાં ભય બતાવી તેને મીરાંબાઇને દુ:ખ ન દેવા પ્રતિજ્ઞા લેવરાવવી.

પ્ર. ૭ માં—મોહનદાસની યાચનાથી મીરાંબાઇનું અંગદાન દેવા તૈયાર થવું. મીરાંબાઇના બોધથી મોહનદાસનું શુદ્ધ ભક્તિમાં જોડાવું. ત્યાં વિષમસીંહનું ઝેર લઇ આવવું. શ્રી ગીરધરલાલજીનું ચરણામૃત ધારી પી જવું.

પ્ર ૮ માં—વિષમસીંહ પોતાનો દાવ ખાલી જવાથી રાણાને આ કુ અવળું સમજાવી મીરાંને મારવા શાળીગ્રામને નામે સરપ લઇ જવો.

પ્ર. ૯ માં—મીરાંબાઇની ભક્તિની પ્રસંશા સાંભળી દીલીના બાદશાહનું તેની પરિક્ષા કરવા આવવું. મીરાંની પરિક્ષાથી તથા ભક્તિથી પ્રસન્ન થવું ત્યાં વિષમસીંહે શાળીગ્રામનું નામ દઇ સરપ આપવો.

પ્ર. ૧૦ માં—મીરાંને મારવાના અનેક ઉપાય કર્યાં છતાં મીરાંનું મૃત્યુ ન થવાથી રાણાનું ગભરાવું, જેથી મીરાંને રાજ્યમાંથી કાઢવાનો ઉપાય કરવો.

પ્ર. ૧૧ માં—માહાત્મા તુલસીદાસે મીરાંની પ્રશંસા કરવી. તેને વૃજમાં જવા કહેવું. રાણાજીએ આવી રાજ્ય છોડવા કહેવું. ત્યાં શ્રી ગીરધરલાલજીનું આવવું. મીરાંબાઇને વૃજમાં લઈ જવાં.

અંક ૩ જો.

પ્ર. ૧ માં—વૃજના રસ્તામાં કરી રાખેલ સંકેત પ્રમાણે વિષમસીહે મીરાંબાઇને મારવા આવવું. સુભદ્રાનું સમજાવવું. આખેર વિષમસીંહનું ગાંડા થવું.

પ્ર. ૨ માં—વૃંદાવનમાં મહાત્મા શ્રીજીવી ગોસાંઇજીનું મંદીર. ત્યાં મીરાંબાઇનો અને તેમનો ધર્મ સંબંધી સંવાદ.

પ્ર. ૩ માં—મીરાંબાઇનું વીદેહ અવસ્થામાં શ્રી કૃષ્ણ ગીરધરલાલજીને શોધતાં આવવું. શ્રી ગીરધરલાલે તેને વૃજની યાત્રા કરવાની આજ્ઞા આપવી અને અલોપ થવું.

પ્ર. ૪ માં—મીરાંબાઈના જવાથી રાણાને થતો પસ્તાવો, ત્યાં વિષમ સીંહનું ગાંડાપણામાં આવવું, તથા રાણાએ મીરાંને રાજ્ય માં પાછા લાવવા વ્રજ તરફ જવું.

પ્ર. ૫ માં—મીરાંબાઈ તથા સર્વ ગોપીયોએ શ્રી કૃષ્ણ ગીરધરલાલજી સાથે દાણલીલા તથા રાસલીલા રમવી; ત્યાં મીરાંબાઈને તેડવા રાણાજીનું આવવું, શ્રી કૃષ્ણ ગીરધરલાલજીની આજ્ઞા થવાથી રાણાને ઉપદેશ આપવા મીરાંબાઈનું ચિતોડ જવું.

પ્ર. ૬ માં—મીરાંબાઈએ રાણાને ઉત્તમ દ્રષ્ટાંતો આપી પોતઃ ના સાચા સ્વરૂપનું ભાન કરાવવું.

પ્ર. ૭ માં—હાડી રાણાના મુખથી મીરાંબાઇના વખાણ. માજી અને બહેનનું નારાજ થવું. ત્યાં વિષમસીંહનું દુખી સ્થીતીમાં આવવું, તેના હાલ જોઈ માજીનો પસ્તાવો. તથા મીરાંબાઇ પાસે માફી માગી કુટુંબસહીત મીરાંબાઇ સાથે દ્વારીકાજી જવું.

પ્ર. ૮ માં—શ્રીદ્વારીકામાં રણછોડરાયજીનો દેદીપ્યમાન દેખાવ; મીરાંબાઇની પ્રભુ પ્રત્યે ભક્તિ કુંભારાણાએ મીરાંબાઈને પાછા ચીતોડ ચાલવા આગ્રહ કરવો. ત્યાં રણછોડરાયજીના તેજ સાથે મીરાંબાઇનું સમાઇ જવું; પ્રભુભક્તિનો વિજય !

શ્રી ગણેશાયનમ:

મીરાંબાઈ.

(૧)

ઈશ્વર સ્તુતી.

સુત્રધાર......
બે બાળાઓ.

વંદુ વિભુ વિશ્વાધાર ભુમિ મધ્યે અવતરી
હરતા ભાર
ગૌવિપ્ર પાળી કુબુદ્ધિશાળી દુષ્ટોને ટાળી
અજર અમર... ... ...વંદુ૦
ન્યાય સ્થાપી વેદ પાજ રાખી સુખનો
સમાજ સંત કાજ, સૃષ્ટી શ્રેષ્ઠકારી
દેવા સીરતાજ... ... ...વંદુ૦

(૨)

નદી........
બાળાઓ.

વ્રજવન વસીયાં મુજ ઉરે હસીયા,
જોઇ મુખ ભાગે ભૂખ જાએ દુઃખ ભવના...વ્રજ.
ધારણગીરિ નરવરા અઘહરા,
જશોમતી ધરી પ્રીતિ તન મન નીજ ધન...વ્રજ.
કુદી કાલીંદી મધીં; નાથ્યો કાલીનાગ,
માર્યો મામા કંસને, લઈ લાખેણો લાગ.

મળી છુટી ઝુટીને ખાધાં પીધાં ખાંતે નાથ.
એવાં કીધાં ચરિત્ર ગાઉં તે બનાવી આથ
કરણહાર, ભરણધાર, વાહ..વાહ..વાહ...ઝુજ.

(૩)

મીરાંબાઈ } ...
દાસીયો.. } ...ઝુલો મારા પ્યારા પ્રભુજી ગીરધારી
વારી વારી જાઉં હું મોરારી........
સારાં સારા સ્વાદે સુધાર્યાં શામળીયા
ખાઓ ખાઓ ખાંતે રસીલા........
મોહનજી માવા વિમળ ભર્યું વારી
પિયોજી પિયોજી પ્રભુ જાઉં બલીહારી
પ્યારી સારી ક્યારી ધારી...........
વ્રજમાં વસીને વાલમા, કીધી લીલા લાખ
તાર્યું ગોકુળ ગામડું, સૌ ગોપી ગોવાળ.
ભૂધરજી ભાવે ભાવના સ્વીકારી
મારી ધારી હ્રદયે શ્રી ધારી........ઝુલો.

(૪)

મીરાંબાઈ...
હું તો આજ સવિશ સદા શામજોરે,
સ્વામી સ્નેહે ભરી...
હવે લાલા લોભાણી જાણી વાતડીરે,
વાહલા સાથે વરી...

દાસીઓ...આજ અમે આરતી ભક્તિ પ્રસારતી, પ્રભુને
રીઝવતી દાસી બની ગું......
મીરાંબાઇ...સંગ રહું શ્યામની આજ પ્રભુ નામની
ધુન ગુણ ગાનની જગાવું હું......
રાણી.......ભક્તીને પરખી હૈયામાં હરખી નેહથી
નીરખી ગોપીના સરખી
દાસીઓ...વારી વારી ભાવથી વાહ.. વાહ...વાહ...વાહ
વરજે ગીરધારી...(મીરાં)...વરજે ગીરધારી...હું

(૫)

(રાસડો)

રૂક્મણી, જાંબુવંતી, સત્યભામા, }
દાસીઓ................................ }

વાહરે વાહ આપી ફરીથી હરીની ભક્તિનું ભાન
આ સભામાં ઉરે આનંદકારી
સામળિયાનું આજ મનથી પ્રીતે પુજન કરીએ રે
ભાવ ધરી ભક્તિનો મુખથી મહિમા આજ ઉચ્ચરીએ રે
અંતરથી જગાવી તેની રીતડી ઉરે ધરી હારે...
તેની પાછળ સહુએ પડી હાંમ ધરી વિશ્વાસ.
સાચી ભક્તિ શ્યામની, સાચું હરિનું નામ,
છે ખોટું સંસારમાં, બીજું બધું તમામ.
લ્હાવો લીધો રે લ્હાવો લીધો, નાથજીના નામનો
લ્હાવો લીધો.

વીકટ વખતમાં રહી સ્થીર ટેક રાખશે ગીરધારી
સત્વર ચડશે વ્હારે.
ભક્તાધીન ભગવાન છે' સમરતાં પકડે બાંહ્ય
દુર ન રાખે એક પળ, પાસે રહે સદાય
ચતુર થઈ ચેતી ચાલજો સદા, ભુલ ખાતા નહી
માયા મળી..............વાહરે

(૬)

રૂક્ષ્મણી, જાંબુવંતી, સત્યભામા—

તમે તે શું જાણો સ્વાદ. ધેનુના ચરાવાવાળા—
ગોરસના પીવાવાળા, ધેનુના ચરાવાવાળા—
વિદુરની નારી રહી અંગથી ઉઘાડી જહાં
જઈ ખાધી ભાજી ભાવે, થયા રાજી રાજી સ્યામ......
કૃષ્ણ—નવ વેત્તા ત્રણ લોકમાં, ભોજન કર્યાં અપાર
ક્યાં શબરી ક્યાં વિદુરઘર. સુખે જમ્યો બે વાર—
ભોજન ન ભાવે રાણી, ભોજન ન ભાવે
પ્રેમના પ્રભાવ વિના, ભોજન ન ભાવે..............
બધાં......સઘળાં છીએ અજાન હે ભગવાન દોષ ન ધારશો
એ પ્રભુત પાળ દયાળ નટવર સ્નેહ ધારી ઉગારશો
ગાય ગુણ નારદ શેષ શારદ શંભુને સુરવાસીઓ
છે અકળ મહીમા આપનો કેમ પાર પામે દાસીઓ
કૃષ્ણ............................ભોજન ન ભાવે.

(૭)

મીરાંબાઈ...પરણી નીજ ધરૂણી કરી નવ તજાય ગીરધરલાલ
અવિનાશી...તમ દાસી...કરી પ્યાસી..........
ગયા નાશી...પરણી
પ્રભુતપાળ...પ્રભુ...દિનદયાળ...ધરી ઉર વહાલ
દીધા દરશ હાલ...તજીશ દેહ...કરીશ એહ
સરવ સ્નેહ
અધમ એહ...સંબંધ આગળ હા...થ...ન...વ
છોડશો.........પરણી

(૮)

જયમલ, ગુરૂ વિગેરે........
ખરે પરમ ધરમ ધર્યો મીરાંએ મન
ગુરૂ.........હરી અચળ સુમન થશે પ્રભુ પ્રસન્ન
મીરાં........હું તો વારી નાખું પ્રભુ પરે તન મન ધન...
જયમલ ગુરૂ વિગેરે.......................ખરે
મીરાં.......રોમ રોમમાં અવાજ ગીરધારી નામનો ત કદી
ટળે નહીં.
જયમલ...મુર્તિની છે કામના
મીરાં......કામના સત્ય હું હરિ ભત્ય
જયમલ...વાહરે વાહ કૃત્ય.....................ખરે
મીરાં......આજ મુજ લોચનો થયાં છે ગ્રમ દર્શથી નાથને
તજુ નહી.

ગુરૂ.....હું આપી દઉશ હર્ષથી
મીરાં.....ખુશીથી નેક પરખો ટેક
જયમલ...વાહ વિવેક..................ખરે

(૯)

મીરાં......દઇ દર્શન ચાલ્યા ગયા, નિર્બળ જાણી આમ
(પણ) જો જાવો મુજ હૃદયથી તો મરદ વખાણું સ્યામ.

(૧૦)

કૃષ્ણ....પ્રીતિ રિતી ધારી અતિ જાણ્યો મને જગપતિ
વિરહ ન થાય હવે બીવું ના.
મીરાં...કદી નહી ભૂલી જશો ભામીનીને ભગંવત
તમ વિણુ ઘડી પણ જીવું ના.
કૃષ્ણ....પાળીશ પ્રીતી ધારે ન બીતી લીધીજ જીતી મીરાં મને
મીરાં...મિન રહે નહિ નીર વિના, તેમ હું તમ વીણુ નાથ
કૃષ્ણ....પ્રેમ બંધનથી બાંધીયો, સદાય વિચરીશ સાથ...પ્રીતિ

(૧૧)

દરબારીઓ..
વારાંગનાઓ. } ચીરણુજીવી સુજાણુ, મધુરીવાણુ વદીએ આજ
રાણા કુળ કેરો તાજ.........ચીરણુ.
ધરમ કરમ કરણુહાર, પરમ શરમ ધરણુહાર
ભળી ભળી કહી સારંગપાણી,
સુખી સદા કરો તીમીરબાણુ...ચીરણુ

(૧૨)

નાયકાઓ...સા-પ-મ-ગમ-રે-સા-ની-સા-ધ-પ-મ-ગ-રે-ગ-પ-ની-ધસા-
નીરે-
સાગ-રે-પ-મ-ગ-રે-નીસા.....સા-પ-મ-ગ-મ-
ગમ-ગમ-પપ-મપ-મપ-ધધ-પધ-પધ-નીની-ધની-ધની-સાસા
પમ-પમ-ગગ-મગ-મગ-રેરે-ગરે-ગરે-સાની-ધની-સા-સા-
પમગમ-પસાસા-પમગ-મગરેસા-પમગમ-પસારે...
ગરેસાની ધનીસા-સા-સા-ગરે-ગરે-સાનીસા પગપગ-રે
સાસા-મગરેસા-ધની ધની સાસા-સા-પ-રે-ધ-પ-મ-ગ-રે
સા-સાપ—

(૧૩)

મીરાં..ગીરધર મુર્તિ ચાહું ચિન્તે ઝટપટ અરપો પિતા પ્રિતે.
કમળ સરખાં નયનો જે મુજ મનને હરનારાં તે;
પુજીશ પ્રીત ધારીને રીત રૂડેરી રીત ગાઇશ ગીત—
જે ચરણુથી પ્રગટ થઈ જગ પાવનિ શુભ સુરસરી,
જે ચરણુથી અધમ અબળા, અહલ્યા પળમાં તરી,
જે ચરણુ છે કમળ સમ, મુની મન મધુપ રહેતા ઠરી,
તે ચરણુ પુજીશ સદા, અરપો પીતા કરૂણા કરી;
જયમલ...મુજ પુન્ય મુર્તી બ્હેન મીરાં ટેક દૃઢ તમ જોઇને.
આપું હું ગીરધરલાલ રહેજો ચરણુમાં ચિત પ્રોઇને.
મીરાં...આપું હું આશીશ આપને, પિતા પરમ મમ પ્રીતથી
વધજો સુયશ સાથે સુઆયુ, દાન માનની રીતથી—ગીર.

(૧૪)

રાણા.........

કુડી રાણી નામી જાણી, વીપ ભરી પ્યારી સુણી વાણી
વિષમ વિચારૂં.. હૃદય વિદારૂં..સમશેર મારૂં..મુજ મન ઠારૂં
એ મન હરણી...મુજ શું પરણી...વીકમ ધરણી...થાય
શું તરણી
જોઉં સા રીતે એ ઓલીને જીતે એ હા કહે મુખે
પોકું દુખે સુવે સુખે ના..........................કુડી

(૧૫)

મીરાંબાઇ.....દીયોજી દર્શ પ્રભુ હાંરે પ્યારા.

તન મન ધન સહુ ભેટ કર્યાં છે, ગુણ ગાઉ હું તમારા
તમ ગુણવંતા સાહેબ છોજી હું માં અવગુણ સારા...દી૦,
હું મુંજાણી માવા મોરલીધર, તમ છો દુખ હરનારા
ઓરદ નિચારી આવી મળશો, તલપે નયન અમારા...દી૦

(૧૬)

મોહિની.....વાહ વાહ વિષમ વર પ્યારા

માનુ મન મોહન મારા........
આહા વચન વદી સારાં
મમ તન મન ધનને વાર્યાં..............

વિષમસીંહ...(જુગતે જુગતી જોડી એક અંધા બીજી ખોડી)

મોહીની...જુવતીના જોડીયા જુવાન છો

સુંદરતામાં પણ કામના સમાન છો

બહાદુર બળીયા પ્રીતમ મારા પ્રાણ છો.
પ્રીતિ કરથી પાતળીયા મેં તમથી પાકી નહીં પ્યારી
વિષમસીંહ...મારાને છળ બળથી કરીને બ્રષ્ટ કરે તો તું સાચી
મોહીની......રંગીલા વાહ વાહ રસીલા ગોરા ગુણવાન છો
વાહ વાહ..................જુવતી...

(૧૭)

મીરાંબાઈ.....આવ્યા આવ્યા મારે આંગણે આવ્યા માવા.
ગીરધરલાલ...પ્રીતી પેખ્યા મીરાં તમારી સાચી વાહવાહ
ટેક ખરી ઉર ધરી લાજ પરી આજ કરી
મીરાંબાઈ...આવ્યા
ગીરધરલાલ—ઘટ નીરખ્યા મેં તો ઘણા પણ નીર્મળ નહી એક
મીરાંબાઇ———મમ ઘટ નિર્મળ નાથજી તમ બાનાની ટેક—આ

(૧૮)

મીરાંબાઈ...હાહા છે ધાર્યો સાચો ધણી દીન દયાળ.
મા...બહેન...હા...જુઠા બોલી કુળ લાજ સંભાળ
પ્રીતમ તારો રાણો મહિપાળ
તેને તજી ભજ કૃષ્ણ ગોપાળ...
મીરાંબાઇ...હાહા.
વહાલું મુજને વિશ્વમાં, કૃષ્ણ વિના નહિ કોય
પ્રાણ તણી પરવા નથી, એથી અધીક શું હોય.
મા બહેન...નફટ ન બન ન હઠી કપટી તું
મીરાંબાઈ...કૃષ્ણ નાથ કોની ધાક

આજી.......મીરાં ભાન રાખ.

મીરાંબાઈ...ચેતો ચેતો ચેતો મોત ભમે માથે વેળા આપી
નાથે, ભાવથી ભજન ગાવ્યા રૂડાં ગાથે
ભક્ત લાજ રાખે પ્રણતપાળ......

---

(૧૯)

મીરાં...મેરે તો ગીરધર ગોપાલ, દુસરો ન કોઈ,
દુસરો ન કોઈ...સાધુ...સરવ લોક જોઈ...મેરે
સાધુ સંગ બયઠ બયઠ, લોક લાજ ખોઈ,
પ્રેમ નિર સીંચ સીંચ, વિષય મેલ ધોઈ.....મેરે

(૨૦)

મીરાં...પ્રીત પુરવની હું શું કરૂં મેવાડા રાણા.
મનડું લોભાણું તેમાં શું કરૂં શીશોદીયા રાણા...
કંઠી માળા એવડી મારે શિયળ વ્રત શણગાર
કેમ કરી વીસરૂં નાથ મારો, ભવ ભવનો ભરથારરે.

(૨૧)

મીરાં...મારા મનથી ગીરધારી નામની લે લાગી.
ગીરધર...તમે સંસારીમાં જોયું રે જાગી મીરાં તમસમ નહી
કો સુભાગી.
મીરાં...નરવર સુંદર મુજ મન મંદીર અંદર એકજ છો વસીયા.
ગીરધર...મનહર ભક્તિ તમ ઉપર જાતી શક્તિ ગુણ ઉરમાં
ઠસીયા.

મીરાં...મુજ શુભ થાયે આપ પ્રતાપે એથી સગુણ મમ ઉરમાં ભાવીયા.

ગીરધર...લ્યો મુક્તિ

મીરાં...દ્યો ભક્તિ.......................મારા મનથી...

(૨૨)

રાણી...
દાસીયો } ...હર્ષ ધારી આવો સાહેલી આજે રમો રંગે ભરી

રમો સૌ રસે ભરી ખાંતે ખેલો સલુણી રાસ રંગ માંહી
નામની જયે છે માગ ધારી, કામની પ્રીતમજી તમારી
રહેજો દીલ વિચારી, પ્રાતી રીતી જાણી પ્રેમ હેરે.
વાલમ વેગે આવજો રે, તાપ સમાવજો રે...હર્ષ૦
ભાનુકુળ રાણા ચીતોડી, સુભાગી શુરા નાહીં અધુરા રે
સજનજી
વખાણતા વિદેશમાં, મહારાણા અતી મહા બળીયા
રંગ રસીયા, પ્રીત કેરી કારી કટારી મારી
છે છબીલા છત્ર ધારી, જાય વારી, બલીહારી
દાસી તમારી..............................હર્ષ૦

(૨૩)

માજી તથા બ્હેન...

વિચારો વિચારો વાંકુ વદો માં ખાંતે કાં થાઓ ખુવાર
રાણી...મીરાં સરીખાં ન માનવી જગમાં જોણું કર્યાં હરી પોતાની રંગમાં...વિચારો.

સાચું કહેતાં દુખ આવે તે સહીશ, મારી જીભે કદી
ખોટું ન કહીશ, ભલેને જીવડો મારો જાય.
વામજો સુખડાં

બ્હેન...પામજો દુખડાં

રાણી...(સાચું કહેતાં સાસુજી કાં રિસ ધરો છો)

માજી...(રાણીજી થઇ ગુણુ ગાવાનું કામ કરો છો)...વિચારો

(૨૪)

દૂજણુ...

દુરીજન દુર કરજો સુણી શીખ આદરી સજ્જન જન સારા
પરનું હીત બગડે તેમાં પોતાનું હીત માનનારા........દુરી.
હરી હરના યશ પુર્ણ ચંદ્રસમ
તેમાં રાહુ થઇને નડતા સંત કુમુદ જ્યાં રમણ કરે ત્યાં
હસ્તી થઇ જળમાં ફરતા
કરી ચુર કુમુદનુ સુખહણી, શું પામે થાય ખારા......દુરી.
જગત પુજય ચંદન સમ સજ્જન
સુરનર સહુ સર્વ શીર ધરતા
થઇ ખળ અનળ નાશ કરે તેનો
તોય સુગંધી તેમાં ભરતા
વચન વિચારી મારૂં ખળતજો સાધુ ભજો
એજ શીખ માનજો સુનમમ સહુ પ્યારાં........દુરીજન

(૨૫)

સર્વ સાધુઓ.....

છિ: ભાઇ તું બેઠા થા શું સુતો સોડ તાણીરે સમર રામનેજી

નામ નાવ છે ભવાબ્ધી તરવા, ભજને સારંગ પાણીરે વિસર
કામનેજી.................................ઉઠ ભાઇ
સારાં મારાં શું કરે સુત વિત દારા ગેહ
ભજન હરિનું ભુલ માં દુર્લભ પામી દેહ
મુરખ મનવા મોટપ માની માયા માંહી મોહમાંરે મરણ
માથ છેજી
ઉત્તમ અવસર આજે આવ્યો મોટો જાણી ખો મારે હીરા
.....હાથ છેજી

(૨૬)

મીરાં...તું તારા બિરદ સામું જોઇરે શામળીયા
ના જોઇશ કરણી હમારી રે...વ્હાલા...તું તારા
ગજને કારણ વાલા પેદલ ધાયા
દ્રૌપદીના ચિર વધાર્યાં રે...વાલા...તું તારા.
ટીટોડીના રે વ્હાલા બાળ ઉગાર્યાં
પાળજે પત જગ રાયા રે વ્હાલા........તું તારા.

(૨૭)

ઉસ્તાદજી...વાવા આ મીરાં તુંમ ભકતન કે શીર મોર
પારસમની સમ હરીકા ભકિત સો તુંમને લઇ
દોર...વા
ગોવરધન ધર પતિકી એ નિજ સે ઉસકા મન
ચૌર...વા

(૨૮)

સુભદ્રા-મોહનદાસ-મોહીની-સુલક્ષણા-વિષમસીંહ

સુભદ્રા—ક્રુર છો કુડા કામી કલંકી તું ક્રુર
અનાડી અભાગી તારૂં મોહું બાળી થા દુર—ક્રુર
મોહીની—નટખટ ખટપટ કરે તું શાને
કાં અમારી શુદ્ધ વાત ન માને
મીરાંબાઇ તુંથી કદી નવ મરશે
તુંજ મરશે લઇ મુખ પર ધુળ—ક્રુર
વિષમ—ભગત જગતને ઠગવા થાતા
ઘરઘર ટુંકડા માગી ખાતા
નારી માંસ મદીરે માતા
મોહીની—ચુપ—ચુપ—ચુપ—ખર દુર—ક્રુર

(૨૯)

રાણા...મારી રંગીલી છો રામા ચાહું ના હું બીજી
રાણી...સ્વામી સદાયે સેવું હું, ઉર અતી રીઝી
રાણા...સાચી છે તમારી નેકી ટેકી પ્યારી
રાણી...વારી વારી બલીહારી, પ્યારી આ તમારી
રાણા...વ્હાલી વાહવાહ અંતરનો આરામ...મારી.

(૩૦)

તુલસીદાસજી...દોનો સીયારામ મમ ઉર ધામ
કરે સબ કામ અનુંજકો લે

વિશ્રામ કરની દુઃખહ હરની અમીય ઝરની રહય
ભરની-હો
જ્યાં આદિ કવિ ઉર બસે, દીયો ભવિષ્યકો જ્ઞાન
ત્યો મમ ઉર બસે હે પ્રભુ, કરો સકલ
કલ્યાન...વિષમ.
જ્યાં શીવ મન માનસ બસે મનહર રૂપ મરાલ,
ત્યાં મમ મન બસકે પ્રભુ, હરો સકલ ભય
સાલ...વિષમ.

(૩૧)

મીરાં...ભક્તિ એવારે ભાઇઓ એવીરે તરસ્યાને
પાણીડાં જેવી.
જુવતિ જળ ભરવાને જાયરે, સામી સખીયો મળી
વાતો થાયે
એનુ નીરધારીને ધ્ય છે તાળીએ, મુખે હસે છે વારી વારી
એનુ ચિન્તથી નથીરે વીસરવુંરે, એવું હરિ ચરણે
ચિત્ત ધરવું...ભક્તિ

તુલસીદાસ...
એક ભ્રમર કમળમાં રહે છે રે, તેને વાસના કેવી
ગમે છે.
સાંજ પડીને કમળ બીડાયુરે અકળાયોને ક્યાંય
ન જવાયું
એને કમળની પ્રીતિ મરવુરે, એવું હરી ચરણે
ચિત્ત ધરવું...ભક્તિ

(૩૨)

તમામ ભક્ત જન......

હરી વેણુ વાય છે રે હો વનમાં, તેનો ગૂઢ વાગ્યો
મારા તનમાં
પ્રીતડામાં ચટપટી રે હો લાગી, જીવન જોવાને હું
જાગી......હરી
રસીયાજીને રે હો રાગે વ્યાકુલ કીધાં છે વૈરાગે
ગતમત ભુલી રે હો દેહની, વનમાં બંસી વાગી
નેહની......હરી
ચીરજ ધરીયાં રે હો ધ્યાને, કાંકણ નેપુર બાંધ્યા કાને
સેંથે કાજળ રે હો સાર્યાં દેહમાં બાળકને વિસાર્યાં
પ્રીતમ પરવશ રે હો કીધાં, લજ્જા લોપી મન હરી લીધાં
કાંઈ કાંઈ વાર્યાં રે હો કથે, પ્રભુજીને મળવા આવ્યા
પથે–હરી
ત્રીભોવન નીરખ્યા રે હો તમને, અંગમાં આનંદ
વાધ્યો અમને
વાલમ જોયા રે હો વનમાં, મીરાંબાઈ મહા સુખ પામ્યા
મનમાં...હરી

(૩૩)

મીરાં...શ્યામ આવોજી આવોરે થાઉં વિયોગે હેરાન
તમને ઘટે નહિ આવું

દીવાની બનીને હું શોધું, યેહ વિઠ્ઠલ મમ દેવ
વનવન ભટકું છું વનમાળી, જીભે જપતી નામ—શ્યામ
મારા નાથને કોઈ બતાવો, કુંજ વીહારી કાન
હું અભાગી છું ગુણહીણ, અબળા પ્રેમથી ભુલી ભાન—શ્યા

(૩૪)

મીરાં.....
માવાવાલા રસીલા છબીલા મોરારી જાઉં વારી
નીરખી મુખડું સુખડું લઉં છું વારંવાર.
કૃષ્ણ.....વાહ મનહર પ્રેમ પ્રીય કરવા પરમ વાહ.
મીરાં.....હું તો રમી રસીલી ગોપીસંગ ધારી પ્યાર.
કૃષ્ણ.....રાસલીલા માંહી રામા રમજો રસાલ અંગમાં ધરી
ઉમંગ, ભરી ભરી ઉર વહાલ.
મીરાં.....વ્રજના વીહારી સુખદ શ્યામ આ..................
નટવર સુખ કર નીશદીન ચાહું વર હું નાથ.
કૃષ્ણ.....વાહ...પરમ ભક્તિ વાહ વાહ................માવા

(૩૫)

રાણી...રાણાજી શોક સમાવો—હા...અવસરશુભ ગુમાવો—રાણા
સંતનો અંત ન સારો જગતમાં થાય પછી ઉર પસ્તાવો
જો ઇચ્છો શુભ નાથ તમારૂં, ભક્ત મીરાંને બોલાવો
રાણો...હે સત્ય વાત પ્રીય રાણી, મેં હાય મીરાંને નવ જાણી...
થયો અભાગી મીરાં ત્યાગી, શિર લીધી વીપત તાણી
હાય કર્યો અપરાધ અતી મેં, રહેશે જગમાં સુરી
કહાણી—હે

(૩૬)

રાણો...શરણુ ચહિ પ્રભુ અરજ કરૂં છઉં
અતી મુજ પાપેથી ઉરે ડરૂં છું.....શરણુ.
મીરાં સરિખાં સંતને સંતાપ્યાં છે મેં અતી
મરવું નથી એવુંજ માની અધમ કીધી છે કૃતી
પામ્યો અમુલી દેહ પણ ઉપયોગ ખોટો આદર્યો
હાથે ચડ્યો હિરો છતાં મેં કાંકરા તોલે કર્યો
પામર ગણી મુજને કર ધરજો
ધ્યાન ધરણીધર શ્રી નાથનું ધરૂં છું.....શરણ

(૩૭)

કૃષ્ણ...સરપર ગાગર ધર કર ગજ ગામની હથ હલાતી આવે
ભોલીસી ભામની ધુતી દામની પ્રીય કામની
ગજગામની—હથ
હસહસ ઝુમી પાય દેવે, નભનીચે લાય દેવે
મુખસે કછુ ગાય દેવે, અમૃત ભર સાય દેવે
નિસી અંધીયારી-ભારી મેં દુતી દામની પ્રોય કામની
ગજ ગામની........હથ હલાતી આવે.....સરપર

(૩૮)

ગોવાળીયા
ગોવાલણો }...
કાન ટેરે કુંજ બનમેં હોરી ખેલનકો
આહા હો........વાહ.....વાહ.....કાન.

સઘન લતા માંહી ઠાડો બીહારી દેખો.
બંસી કરમે બાજી જરમે
મોહે સુનત બીહારી નરનારી ભારી કારી
તેરી બંસીયા........વારી.........વારી.........કાન

(૩૯)

કાન તથા ગોપીઓ......

થૈ...થૈ...તાતા...થૈ પદ ઝુમ_ઝુમ ઝુન ઘુઘરૂ બાજત
નટવર ખેલો ખેલો સુઘડ સખા બનમાલી સંગ હોરી
અનમોલી...............................થૈ-થૈ
અબીલ ગુલાલ ચંદન કેશર છીરકાવો રંગભર મટુકી
પીચકારી કર ધરો રે, રંગ ભર ભર ડારો કો નીવારો
અતર ગુલાબ કુસુમ સુગંધ મય કીચ મચાવો હરી
આવો..થૈ થૈ
ધરધર અધર અધર પદ નટવર ભરભર રંગ પીચ-
કારી ડારી શ્યામ, ભજ ભજ ગઈ બ્રજ બની તન
ડર ડર અંચલ ફરફર કરત ભીની રંગમે, ભીંચ તનમે
જઈ કહો નંદકો લાલ, સુન ગોપાળ, ચુપ ઠગારી નાર
નીજ મુખ સંભાલ...........(૩)..............થૈ થૈ

(૪૦)

તનનન દીમ-દીમ-તનન-તનન-અત-તન—અત—તન
અત—તન—નદીયનના—
તદારે દાની તદારે દાની તારે દીમ દીમ
નીતીયનરે દાની...નારે...નારે ...ધ્રુદા. (૨)

અલીલીમ અલીલીમ અતે અલીયન દીમ
દાની તુમદર દાની નાદાની તુમદર તદા=(૨)
દારે દીલીયન—દીલીયન—દીલીયન—દર દારે નીતીયન નીતીયન
નીતીયનના=(૨)

ગાવત સબ મીલ વિધ વિધ રંગ રસ
અમિત ઉમંગ નિજ ઉર ભરીયાં
મનહર મધુર મધુર છબી નીરખત
થકી રહે મન તેહી પર થીરીયાં
પગ પટકત કર જટકત લટકત અંગ
અધર અધર ઉચ્ચરત ફર ફર—
મુખ મુસકત નયનન કટાક્ષ લીખા
સુરનર મુનીક મન હરીયાં

(૪૧)

કૃષ્ણ...જા મીરાં એક વાર તું કરને સત્ય ઉપદેશ,
રાણાને સુધારવો છે, મારો ઉદ્દેશ.

(૪૨)

મોહદાસ, સુભદ્રા, મોહીની, }
દીપસીંહ, સરતાનસીંહ... }
મીરાંને પૂર્વ જનમની છે પ્રીતરે
મીરાંને હૈડે લખાણા હરીના
હેતરે નામ નહીં રે છોડે હોજી...મીરાં

રાણાજીએ આપીયો ભુતડાં ભેળો વાસ
ભુત પ્રેત ભાગી ગયા રે મીરાંને
ઇન્દ્ર ભુવન શો આવાસ રે........મીરાં
વિખના પ્યાલા મોકલ્યા દેજો મીરાંને હાથ
અમૃત કરી આરોગીયા રે મીરાંને
રાખણ હારો જગનાથ રે......મીરાં
રાણે વિષધર મોકલ્યો દેજો મીરાંને જઈ
પુજી મીરાંયે પ્રેમથી રે, મુર્તિ શાલીગ્રામની તો થઈ રે
રાણે રજા આપી પછી, કાઢી ગણીને કારા
મીરાં ચાલ્યાં મહાલતાં રે,
આનંદ ભાગ્યો છે વ્રજનો સુવાસ રે...મીરાં

(૪૩)

રાણો...ભક્ત હરી કેરાં મીરાંબાઈ
તમારી મુખથી કરૂં શું વડાઈ
મેં અજ્ઞાને ઉર અભિમાને
કીધી તમથી બુરાઈ
તોય કર્યો ઉપકાર અતિશે
અનહદ આપ ભલાઈ—ભક્ત.
વચનામૃતથી આજે મારી
ગઈ છે જાગ જુગનાઈ
હાય ગયો હતો હારી હું તો
જન્મ જન્મની કમાઈ— ભક્ત.

(૪૪)

મીરાં...કરવો મજરો રે કાયા ફુલનો ગજરો
કાના તારે આધીન થઈને મારે કરવો મજરો
આ રે કાયા તારી ડોલવાને લાગી વહાલા
જીવને લઈ જશે આવ્યો વેરી જમડો—
મીરાંબાઈ કહે પ્રભુ ગીરધરના ગુણ વાલા
ચાલની વેળાએ ગીરધારી સમરો........કરવો

(૪૫)

રાણો, માજી, બ્હેન...
સુ. જેવી કરણી કરો નરનાર મળશે તેવાં ફળો હોજી
દેશે જગત બધું ફીટકાર. ભગતે નહીં ભળો હોજી
હાં બાવળનાં બી બોઈને, કેરી નહી કોઈ ખાય
સંતોને સંતાપતાં તો, જડા મુળથી જાય........ભગતે
હાં સંત સંગતથી પામશોરે પરમ સુખનું ધામ
દુરીજન સંગે દુખીયા થાશો, ભાઈ સરે ન એકે કામ...ભગતે

(૪૬)

મીરાં તથા સર્વ...
શરણે થાંરે આઈ હુંજી રાજા રણછોડ
થારી ટીંગ રાખો કાના વિનતી કરૂં કર જોડ
જો મેં પાછી જાઉં જગતમેં લાગે માને મોટી ખોડ
રૂપ દેખી કૃષ્ણજીકો આઈ મંદીરમેં દોડ
નિરક્ષીર જ્યોં મીલ ગઈ સજની વે દેખો રાઠોડ—શરણે૦

સમાપ્ત.

૭૦ સી૦ દસ્તુર.

ચાર્મીંગપીલ્સ(ધાતુપૌષ્ટીકગોળીઓ.)

આ ગોળી લાંબા વખતના અનુભવ બાદ એના ગુણ વીષેની પ્રકી ખાત્રી થયેથી બહાર પાડવામાં આવી છે પાંડુરોગ, નબળો, માથાનો દુખાવો, હાથ પગની કળતર, મગજનું ખાલી પડવું, જઠરાગ્નિનું મંદ પડવું. સ્વપનાવસ્થા વીર્યશ્રાવ કુછંદ તથા કુટેવથી પ્રાપ્ત થયેલી નબળાઇ તથા નપુરાકપણું તેમજ થતો ક્ષય એ દરદોપર આ ગોળીઓ ખાસ ચમત્કારી રીતે અસર કરે છે એથી મંદ પડેલી જઠરાગ્ની સતેજ થાય છે ખોરાક હજમ થાય છે શરીરમાં દીનપર દીન લોહીનો વધારો થતો જાય છે નબળી પડેલી નસોને તાકાત મળે છે અને મગજ સ્થીર થાય છે એ ગોળીની બનાવટમાં ફોસફરસ દરમીયાન ફોફો (હિફોફાઇટ) ઓફ પેપેઇન (પેપ્ટોનાઇઝડ પેપઇન) તેમજ બીજી પોષ્ટીક દવાઓ વાપરવામાં આવી છે ૪૨ ગોળીની સીસીની કી. રૂ૦ ૧

સ્પેશીફીક ફીવર મીક્ષ્ચર.

ત્રીજીઆ, રોજીઆ, એકાંતરીઆ, ચોથીઆ, પીત જવર, જીર્ણ જવર તેમજ લાક્ષણીક તાવ (બીજા દરદનાં લક્ષણ તરીકે આવતો તાવ) જંગલી ફીવર વીગેરે તમામ જાતના જવર (તાવ) માટે આ હમારૂં મીક્ષ્ચર એક રામબાણ ઉપાય છે એ મીક્ષ્ચર (તાવ) હોય યા ન હોય તો પણ લીધામાં આવે છે, કી. રૂ૦ ૦॥।

સ્પેશીફીક ફીવર પાઉડર.

આ પાઉડર રોજીઆ, એકાંતરીઆ, ચોથીઆ, પીત જવર, જીર્ણ જવર તેમજ લક્ષણીક તાવ (બીજા દરદના લક્ષણ તરીકે આવતો તાવ) જંગલી ફીવર વીગેરે તમામ જાતના જવર (તાવ) માટે આ હમારો પાઉડર એક વીજળી મીસાલે કામ કરે છે એ પાઉડર માટે હમો હમારે મોઢે કહેવાં કરતાં સુરત જીલ્લામાંના કોઇ પણ માણસને પુછવાથી ખાતરી થશે ગરીબ લોકોના ફાયદાને માટે આ હમોએ ખાસ પાઉડર કાઢયો છે એ પાઉડર (તાવ હોય યા ન હોય તો પણ લેવામાં આવે છે).

વેચનાર ઠાકોરબ્રધર્સની કું. કેમીસ્ટ કણપીઠ સુરત.